# Asvaar Gujarati Song Lyrics - Aishwarya Majmudar

આવ્યો આવ્યો આવ્યો રે
જેના હાથમા રમે છે મારા મનની ઘૂઘરીઓ ઓ..
જેના ઢોલથી ઝબુકે મારા પગની વીજળીઓ ઓ..

જેના હાથમા રમે છે મારા મનની ઘૂઘરીઓ ઓ..
જેના ઢોલથી ઝબુકે મારા પગની વીજળીઓ ઓ..
એવો આવ્યો રે આવ્યો અસવાર રે,
એવો આવ્યો રે આવ્યો અસવાર રે,
હું એની ડમરીની ધૂળ બની જઉ
એ તાલ દે અને હું તાલી દઉ.

તના તના પલક વઠી સારીયા હે
તના તના પલક વઠી સારીયા હે...

મુજા પખી
છલડે આઈ રૂલાઈ મૂકે યાદ સજણ જી આયી
છલડે આઈ રૂલાઈ મૂકે યાદ સજણ જી આયી
જીજલ જીજલ જીજલ જીજલ
જીજલ જીજલ જીજલ જીજલ જીજલ
જીન્જલડમિજી મા મૂકે છલડે આઈ રૂલાઈ
આયલડી મુજી મા મૂકે છલડે આઈ રૂલાઈ...

હો ઓ એણે મૂંગા ભૂંગામાં પાડી ધાડ રે
એણે મીઠાના રણમાં વાવ્યું ઝાડ રે
એણે મૂંગા ભૂંગામાં પાડી ધાડ રે
એણે મીઠાના રણમાં વાવ્યું ઝાડ રે
એણે મૂંગા ભૂંગામાં પાડી ધાડ રે
એણે મીઠાના રણમાં વાવ્યું ઝાડ રે
એણે સપના રાંધ્યા હું બેઠી ખઉ
એણે સપના રાંધ્યા હું બેઠી ખઉ
એવો આવ્યો રે આવ્યો અસવાર રે,
હું એની ડમરીની ધૂળ બની જઉ
એ તાલ દે અને હું તાલી દઉ.
ડમરીની ધૂળ બની જઉ
એ તાલ દે અને હું તાલી દઉ....

આવ્યો આવ્યો આવ્યો રે
આવ્યો આવ્યો આવ્યો રે
આવ્યો આવ્યો આવ્યો રે અસવાર

એણે ચાલતી ન'તી હું તોય આંતરી
મારે છેતરાવું'તું એવી છેતરી
ચાલતી ન'તી હું તોય આંતરી
મારે છેતરાવું'તું એવી છેતરી

gujaratilyrics.com

હો ઓ એણે ચાલતી ન'તી હું તોય આંતરી
મારે છેતરાવું'તું એવી છેતરી
એણે પગલી પાડી હું કેડી થઉ. કેડી થઉ.
એણે પગલી પાડી હું કેડી થઉ
એવો આવ્યો રે આવ્યો અસવાર રે,
હું એની ડમરીની ધૂળ બની જઉ
એ તાલ દે અને હું તાલી દઉ.
તાલ દે અને હું તાલી દઉ.
તાલ દે અને હું તાલી દઉ....

GujaratiLyrics.com